### વિદ્યાર્થીઓ માત્ર કેમ્પસની સમસ્યાઓ પૂરતા સીમિત ન રહેતા રાષ્ટ્ર નિર્માણના રચનાત્મક કાર્યોમાં જોડાય

# ડ્રગ્સ સામેની લડાઈમાં યુવાનોએ આગળ આવવું પડશે

**આણંદ ખાતે** એબીવીપી ગુજરાતના 57મા પ્રદેશ અધિવેશનનો નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે પ્રારંભ કરાયો

(પ્રતિનિધિ) આણંદ તા.6

'ગુજરાતની પોલીસે ડ્રગ્સને નાબૂદ કરવા સરાહનીય કામગીરી કર છે. માત્ર ગુજરાત જ નહીં, પંજાબ, બંગાળથી લઈ દેશભરમાં પહોંચી ડ્રગ્સ વેચતા તત્વોને પકડ્યાં છે. પરંતુ યુવાનો ડ્રગ્સના રવાડે ન ચડે તે માટે તમારી મદદની જરૂર છે. ડ્રગ્સ વેચનારને પકડવા માટે ખાસ પકડવામાં આવશે. તેના માટે જે કોઈ યુવાન નશાની લતે ચડી ગયો હશે, તો પણ તેની સામે ગુનો નહીં નોંધાય પરંતુ તેણે આ ડ્રગ્સ ક્યાંથી લાવ્યો છે ? તે કહેવાનું રહેશે.' તેમ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ મંગળવારના રોજ એબીવીપીના 57મા પ્રદેશ અધિવેશન પ્રસંગે યુવાનોને આહ્વાન કર્યું હતું.

વિશ્વના સૌથી મોટા વિદ્યાર્થી સંગઠન 'અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ' (ABVP) ગુજરાત પ્રદેશના 57મા પ્રદેશ અધિવેશનનો આણંદના ત્રિભુવનદાસ પટેલનગર ખાતેથી પ્રારંભ થયો છે. નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ દીપ પ્રાગટ્ય દ્વારા આ ત્રિ-દિવસીય અધિવેશનને ખુલ્લું મુકતા વિદ્યાર્થીઓને રાષ્ટ્ર પ્રથમની ભાવના સાથે સામાજિક જવાબદારીઓ ઉપાડવા અપીલ કરી હતી.



આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'વિકસિત ભારત'ના સંકલ્પને સાકાર કરવા માટે વિદ્યાર્થી કાર્યકર્તાઓએ હવે માત્ર કેમ્પસની સમસ્યાઓ સુધી સીમિત રહેવાની જરૂર નથી. યુવાનોએ પર્યાવરણ સુરક્ષા, જળસંચય, સામાજિક સમરસતા અને સ્ટાર્ટઅપ જેવા રચનાત્મક કાર્યોમાં સક્રિયપણે જોડાવું જોઈએ. આ પ્રસંગે તેમણે કલમ 370 નાબૂદી અને રામ મંદિર નિર્માણ જેવા ઐતિહાસિક નિર્ણયોને યાદ કરી દેશભક્તિનું વાતાવરણ નિર્મિત કર્યું હતું. આ કાર્યક્રમના મુખ્ય અતિથિ ડો. ફારૂકભાઈ પટેલે યુવાનોને શીખ આપી હતી કે જ્ઞાન, ચારિત્ર્ય અને એકતા વગર ડિગ્રી માત્ર કાગળનો ટુકડો છે. તેમણે આજના યુવાનોને સોશિયલ મીડિયાના વ્યુઝ અને પ્રસિદ્ધિના ચક્રવ્યૂહમાંથી બહાર નીકળી શહીદ ભગતસિંહ અને સરદાર પટેલ જેવા મહાપુરુષોના આદર્શો અપનાવવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે એબીવીપીના રાષ્ટ્રીય સહ સંગઠન મંત્રી એસ. બાલકૃષ્ણ, જિલ્લા પ્રભારી મંત્રી સંજયસિંહ મહિડા, સાંસદ મિતેશભાઈ પટેલ, મેહુલ પટેલ, ધારાસભ્યો, કલેક્ટર અને વિકાસ અધિકારી સહિત અનેક મહાનુભાવો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### આણંદમાં BAPS સ્વામિનારાયણ સંસ્થાની નાયબ મુખ્યમંત્રીએ મુલાકાત લીધી



આણંદના અક્ષરફાર્મ ખાતે રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થાની સૌજન્ય મુલાકાત લીધી હતી. આ પ્રસંગે સંસ્થાના ભગવત ચરણ સ્વામીએ નાયબ મુખ્યમંત્રીને આવકારીને તેમને આશિર્વચન પાઠવ્યા હતા. આ મુલાકાત દરમિયાન જિલ્લા પ્રભારી મંત્રી સંજયસિંહ મહિડા, સાંસદ મિતેશભાઇ પટેલ અને હેમાંગ જોશી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સ્વામીએ હાજર રહેલા તમામ ધારાસભ્યો અને અગ્રણીઓનું સ્વાગત કરી તેઓને પણ આશીર્વાદ આપ્યા હતા.

### આણંદ બસ સ્ટેન્ડની આકસ્મિક મુલાકાત દરમિયાન બોરસદ, ડાકોરની બસ ફાળવી



આણંદના નવા બસ સ્ટેન્ડની નાયબ મુખ્યમંત્રી અને વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ આકસ્મિક મુલાકાત લઈ સુવિધાઓનું નિરીક્ષણ કર્યું અને મુસાફરોની જરૂરિયાતો જાણી હતી. તેમણે બસમાં વિદ્યાર્થીઓ સાથે રૂબરૂ મુલાકાત કરી સમયપત્રક તથા સ્વચ્છતા અંગે પૃચ્છા કરી હતી અને સૌને સ્વચ્છતા જાળવવા અનુરોધ કર્યો હતો. આગામી સમયમાં રાજ્યમાં 200 નવી બસો શરૂ થશે, જે પૈકી 4 બસ આણંદ-બોરસદ રૂટ પર ફાળવવા અને ખંભાતના રૂટ વધારવા મંત્રીશ્રીએ સંકેત આપ્યા હતા. મંત્રીએ એસ.ટી.ના અધિકારીઓ સાથે સંવાદ કરી મુસાફરોને આધુનિક સુવિધાઓ મળે અને પરિવહન સેવા વધુ સુદ્રઢ બને તે માટે જરૂરી સૂચનાઓ આપી હતી. આ પ્રસંગે જિલ્લાના પ્રભારી મંત્રી, સાંસદો અને ધારાસભ્યોની ઉપસ્થિતિમાં બસ સ્ટેન્ડના વિકાસલક્ષી કામો અને નવી સુવિધાઓના આયોજન અંગે ચર્ચા કરવામાં આવી હતી.

### મ્યુનિસિપલ કમિશનર મિલિંદ બાપનાની મુલાકાત લેવાયેલો નિર્ણય

# કરમસદના અખંડ ભારત ઉદ્યાનમાં એન્ટ્રી ફિ રદ્દ કરાઈ

**બગીચો સવારે 5 થી** રાત્રે 11 વાગ્યા સુધી બાગ ખુલ્લો રહેશે

(પ્રતિનિધિ) આણંદ તા.6

કરમસદ - આણંદ મહાનગરપાલિકા વિસ્તારના વેસ્ટ ઝોનમાં આવેલ અખંડ ભારત ઉદ્યાન હવે તમામ નાગરિકો માટે મનોરંજન અને હરવા-ફરવાનું ઉત્તમ સ્થળ બનશે. પાલિકા વહીવટી તંત્ર દ્વારા આ બાગમાં પ્રવેશવા માટે કોઈપણ પ્રકારની એન્ટ્રી ફી ન રાખવાનો પ્રજાલક્ષી નિર્ણય લેવામાં આવ્યો છે.



કરમસદ - આણંદ મહાનગરપાલિકાના કમિશનર મિલિંદ બાપનાએ મંગળવારે અખંડ ભારત ઉદ્યાનની રૂબરૂ મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે જાહેરાત કરી હતી કે, આ ઉદ્યાન ખાતે આવતા લોકોએ પ્રવેશ માટે કોઈ પણ પ્રકારની ફી ચૂકવવાની રહેશે નહીં અને તમામ મુલાકાતીઓને વિના મૂલ્યે પ્રવેશ આપવામાં આવશે.

આ ઉદ્યાનનો નગરજનો મહત્તમ લાભ લઈ શકે તે માટે તેના સમયમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. આ બાગ હવે દરરોજ સવારે 5-00 કલાકથી રાત્રિના 11-00 કલાક સુધી મુલાકાતીઓ માટે ખુલ્લો રહેશે. ઉદ્યાનમાં ફેમિલી સાથે આવીને આનંદ માણી શકાય તેવી સુંદર સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. તંત્ર દ્વારા નગરજનોને અપીલ કરવામાં આવી છે કે તેઓ પોતાના પરિવાર સાથે આ ઉદ્યાનની મુલાકાત લે અને આ સુવિધાઓનો લાભ મેળવે. આ ઉદ્યાન નગરજનો માટે પ્રકૃતિના ખોળે મળેલા એક નિઃશુલ્ક આશીર્વાદ સમાન છે, જ્યાં કોઈ પણ વ્યક્તિ આર્થિક બોજ વિના માનસિક શાંતિ મેળવી શકશે.

### નાયબ મુખ્યમંત્રીના આગમન ટાણે ઇ-મેઇલથી દોડધામ

# કોર્ટને બોમ્બથી ઉડાડવાના ઈ-મેઈલથી સર્ચ કરાયું

**બોમ્બ સ્ક્વોડના** સઘન ચેકીંગ બાદ કશું ન મળ્યું

(પ્રતિનિધિ) આણંદ તા.6

અદાલતોના પરિસરને ટાર્ગેટ કરી બોમ્બથી ઉડાવી દેવાના મળેલા ધમકીભર્યા ઈમેલને પગલે આણંદ જિલ્લા પોલીસ તંત્રમાં ભારે દોડધામ મચી ગઈ હતી.

આ ગંભીર ધમકીને પગલે પોલીસે કોઈ પણ પ્રકારની બેદરકારી દાખવ્યા વિના બોમ્બ ડિસ્પોઝેબલ સ્ક્વોડની મદદથી આણંદ કોર્ટ અને કલેક્ટર કચેરીમાં ઓફિસ ખુલે તે પહેલાં જ ખૂણેખૂણાની તપાસ કરી હતી. સદનસીબે, આ સઘન સર્ચ ઓપરેશન દરમિયાન કોઈ વાંધાજનક સામગ્રી કે શંકાસ્પદ કાવતરું મળી આવ્યું ન હતું, જેનાથી તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

આ ધમકીભર્યા ઈમેલમાં કોર્ટ પરિસરોને નિશાન બનાવવાની વાત કરવામાં આવી હતી. આ જેને ગંભીરતાથી લઈને આણંદ પોલીસે તકેદારીના ભાગરૂપે ચપ્પે-ચપ્પા પર સઘન ચેકિંગ હાથ ધર્યું હતું. જોકે, પોલીસ તપાસમાં કંઈ પણ શંકાસ્પદ ન પકડાતા આ ઈમેલ માત્ર ભય ફેલાવવાનો પ્રયાસ હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાય છે. આ પરિસ્થિતિને એક 'ફાયર ડ્રીલ' જેવી ગણી શકાય, જ્યાં વાસ્તવિક આગ ન હોવા છતાં, તંત્રની સજ્જતા ચકાસવા અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે પગલાં લેવામાં આવ્યા હતા.

### સોસાયટીમાં મકાન નં. 4 તને લેવા દેવાનો નથી તેમ કહી હુમલો કર્યો

# નડિયાદમાં મકાન લેવા મુદ્દે બે યુવક વચ્ચે મારામારી થઈ

**નડિયાદ** ટાઉન પોલીસે હુમલાખોર યુવક સામે ગુનો નોંધ્યો

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૬

નડિયાદ સિવિલ હોસ્પિટલ રોડ ઉપર થી એકટીવા લઈ પસાર થતા યુવકને ઉભો રાખી રબારી યુવકે સોસાયટીમાં મકાન નંબર ચાર તને લેવા દેવાનો નથી આ મકાન મારે લેવાનું છે તેમ કહી અપશબ્દ બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ બનાવ અંગે નડિયાદ ટાઉન પોલીસે ગુનો નોંધ્યો હતો.

નડિયાદ જય સોમનાથ સોસાયટીમાં રહેતો મનોજભાઈ ભાવિકભાઈ મેટકર દરબાર ગઈકાલે સાંજે તેના મિત્ર ચિરાગ મયુર રાવલ સાથે ખોડીયાર નગરથી એકટીવા લઈને સિવિલ રોડ ઉપરથી પસાર થતા હતા ત્યારે પાછળથી મોટરસાયકલ લઈને આવેલ કેવલ જગદીશભાઈ રબારીએ એકટીવા ઉભું રખાવી મોટરસાયકલ ઊભું રાખી મનોજને જણાવેલ કે તું સોસાયટીમાં મકાન નંબર ૪ લેવા માગે છે પરંતુ આ મકાન હું તને લેવા દેવાનો નથી આ મકાન મારે લેવાનું છે તેમ કહી ગમે તેમ ગાળો બોલવા લાગ્યો હતો અને લાકડાનો ડંડો મારવા જતા તેનો મિત્ર ચિરાગ છોડાવવા વચ્ચે પડતા તેને સાઈડ પર હટાવી મનોજને રબારી સામે પડીશ તો તને જીવતો નહીં રહેવા દઉં તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ દરમિયાન આજુબાજુના લોકો દોડી આવતા કેવલ રબારી મોટરસાયકલ લઈ નાસી ગયો હતો. આ બનાવ અંગે મનોજભાઈ ભાવેશભાઈ મેટકરની ફરિયાદ આધારે નડિયાદ ટાઉન પોલીસે કેવલ જગદીશભાઈ રબારી સામે ગુનો નોધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, નડિયાદ શહેરમાં છેલ્લા કેટલાક સમયથી મારામારીના કિસ્સા વધી રહ્યા છે. આ અંગે પોલીસે ગુનો નોંધવામાં આવે છે. આમ છતા હુમલાખોરોને કોઈ ભય રહ્યો ન હોય તેવું લાગી રહ્યું છે.

### મહીસાગર જિલ્લામાં ઘાટું ધુમ્મસ, ઠંડીમાં વધારો અને વાહનચાલકો પરેશાન



મહીસાગર જિલ્લાના ખાનપુર, સંતરામપુર અને લુણાવાડા સહિતના વિસ્તારોમાં વહેલી સવારથી ઘાટું ધુમ્મસ છવાતા ઠંડીમાં નોંધપાત્ર વધારો થયો છે. ધુમ્મસને કારણે માર્ગો પર દ્રશ્યતા ઘટતા વાહનચાલકોને ભારે મુશ્કેલી પડી હતી અને વાહનો અત્યંત ધીમી ગતિએ હંકારવાની ફરજ પડી હતી. વહેલી સવારે ખેતરો અને ખુલ્લા વિસ્તારોમાં ધુમ્મસની ચાદર સાથે ઠંડા પવનો ફૂંકાતા શિયાળાની કાતિલ ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. હવામાન વિભાગના અનુમાન મુજબ, આગામી દિવસોમાં પણ જિલ્લામાં ઠંડીનો પ્રભાવ યથાવત રહેવાની પૂરેપૂરી શક્યતા છે.

**તસવીર : ગીરીશ પંચાલ**

### નડિયાદ - આણંદ વચ્ચે એક્સપ્રેસ વે પર 4 કિલોમીટર સુધી ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઇ

# નડિયાદ પાસે એક્સપ્રેસ વે પર ટ્રક અને 3 પીકઅપ વચ્ચે અકસ્માત, એકનું મોત

**ટ્રક ચાલકે** સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવતા ઉભેલી પીકઅપ વાન પાછળ અથડાઇ

(પ્રતિનિધિ) નડિયાદ, તા.6

અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર વહેલી સવારે નડિયાદથી આણંદ વચ્ચે આવેલા ફતેપુરા ગામ પાસે એક ગમખ્વાર અકસ્માતની ઘટના બની હતી. જેમાં એકનું મોત નિપજ્યું હતું. જ્યારે બે ઘાયલ થયાં હતાં. આ અકસ્માતના પગલે ટ્રાફિક જામ થયો હતો.

નડિયાદથી આણંદ વચ્ચેના એક્સપ્રેસ હાઈવે પર ફતેપુરા પાસે 3 પીકઅપ વાન સર્વિસ લાઈન નજીક ઉભી હતી. આ સમયે અમદાવાદથી વડોદરા તરફ જતી એક ટ્રકના ચાલકે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો અને ઉભેલી પીકઅપ વાન પાછળ ટ્રક ધડાકાભેર અથડાઈ હતી. આ ટક્કર એટલી જોરદાર હતી કે પીકઅપ વાનનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. અકસ્માતને પગલે હાઈવે પર પસાર થતા અન્ય વાહનચાલકોમાં ભારે નાસભાગ મચી ગઈ હતી. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયેલા 2 શખ્સોને આણંદની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યારે એકનું કરુણ મોત નિપજ્યું હતું. જોકે, સારવારમાં ખસેડાયેલા બેમાંથી એકની તબિયત વધુ લથડતા વધુ સારવાર અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે. અકસ્માતની જાણ થતા જ ચકલાસી પોલીસ પણ ઘટનાસ્થળે દોડી આવી હતી.



આ અકસ્માતને કારણે એક્સપ્રેસ હાઈવે પર વહેલી સવારથી જ વાહનોની લાંબી કતારો જોવા મળી હતી. ટક્કર એટલી ભીષણ હતી કે વાહનો રસ્તા પર જ ફસાઈ જતા આશરે 3 થી 4 કિલોમીટર સુધીનો ટ્રાફિક જામ સર્જાયો હતો. હાઈવે પેટ્રોલિંગની ટીમે ક્રેન મંગાવી અકસ્માતગ્રસ્ત વાહનોને રસ્તા પરથી દૂર કરવાની કામગીરી હાથ ધરી હતી, ત્યારબાદ વાહન વ્યવહાર પૂર્વવત થયો હતો. પોલીસે આ મામલે ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે.

# નરસંડા ગામમાં નજીવી બાબતે મારામારી થઈ

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૬

નડિયાદ તાલુકાના નરસંડા ગામે બે પટેલ પરિવાર વચ્ચે બોલાચાલી થઈ હતી. જે અંગે વડતાલ પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

નડિયાદ તાલુકાના નરસંડા ખાતે તા.૩/૧/૨૬ની સાંજે નિલેશભાઈ ગોરધનભાઈ પટેલ અને મીનાબેન હિતેશભાઈ પટેલ વચ્ચે કોર્ટમાં ચાલતા દાવા બાબતે બોલાચાલી થઈ હતી જે અંગે મીનાબેન પટેલે ભાઈ બહેન સામે ફરિયાદ નોંધાવી હતી. આ બનાવ અંગે સામા પક્ષે નિલેશભાઈ ગોરધનભાઈ પટેલે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું છે કે તેઓ ગ્રામ પંચાયત નજીક આવેલ મુતરડીની ગંદકી બાબતે તેમના મિત્ર જીગ્નેશ સાથે જ વાતચીત કરતા હતા ત્યારે ઘંટીએથી ઘરે જતા મીનાબેન પટેલે અમે કોર્ટ કેસ બાબતની વાત કરતા હોવાનું માની ઘરે જઈ મોટેથી બોલતા હતા જેથી કાજલબેને ઝઘડો થાય તેવી વાત કરજો નહીં તેમ કહેતા મીનાબેન હિતેશભાઈ પટેલ અને તેમના પતિ કાજલબેનને ગમે તેમ ગાળો બોલવા લાગ્યા હતા જેથી નિલેશભાઈ સમજાવવા જતા મીનાબેન હિતેશભાઈ પટેલે ગમે તેમ ગાળો બોલી નિલેશભાઈની ફેંટ પકડી ખેંચતા સોનાની ચેઈન તૂટી ગઈ હતી. તેમજ બંને પતિ પત્નીએ નિલેશભાઈ ને ગડદા પાટુ માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ બનાવ અંગે નિલેશ ગોરધનભાઈ પટેલની ફરિયાદ આધારે વડતાલ પોલીસે મીનાબેન હિતેશ પટેલ તેમજ હિતેશ સનાભાઈ પટેલ સામે ગુનો નોધી કાર્યવાહી હાથ ધરી હતી.

# દાંડી યાત્રા માર્ગે નિકળેલા નિવૃત્ત 16 આર્મી જવાનોનું સ્વાગત કરાયું

**દિલ્હી,** બેંગ્લોર,ભુવનેશ્વર સહિતના નિવૃત જવાનો દેશભક્તિનો સંદેશ પ્રસરાવી રહ્યા છે

(પ્રતિનિધિ) બોરસદ તા 6

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની દાંડીકૂચ માર્ગ પર દેશના વિવિધ રાજયોમાંથી આવેલા 16 નિવૃત આર્મી જવાનોએ અમદાવાદથી દાંડી સુધીની પદયાત્રા શરુ કરી છે. અમદાવાદના સાબરમતી આશ્રમથી યાત્રાનું પ્રસ્થાન કરાયું હતું. યાત્રિકો બોરસદ તાલુકાના દાંડી માર્ગ પર સેધણી માતા પ્રાથમિક શાળા પાસેથી પસાર થતા વિધાર્થીઓ શિક્ષકો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું લેફ્ટનલ જનરલ આર્મી ચિફ અનિલ પુરીજી દાંડી યાત્રામા રાસ થી કંકાપુરાના માર્ગ પરથી પસાર થતાં પ્રાથમિક શાળા સિંધણીમાતાની મુલાકાત લઈ ખુશી વ્યક્ત કરી હતી. શાળાની બાળાઓ દ્વારા પુષ્પગુચ્છ અર્પણ કરી કુમ કુમ તિલક કરી પૂરી ટીમનું સ્વાગત કર્યું.

આ યાત્રામાં દિલ્હી, બેંગ્લોર,ભુવનેશ્વર સહિતના નિવૃત જવાનો જોડાયા છે. દેશભક્તિનો સંદેશ ફેલાવી રહ્યા છે . શરુઆતમાં 10 જવાનોથી થયેલી આ ટુકડીમાં માર્ગમાં જવાનો પણ જોડાયા છે. નિવૃત્ત સૈનિકોએ યાત્રાનો મુખ્ય હેતુ ગાંધીજીએ જે પર યાત્રા કરી હતી, તે મુલાકાત લેવી અને ત્યાંના

સ્થળોએથી લોકો સાથે સંવાદ સાધવાનો છે. તેમ જણાવ્યું હતું. તેઓ ગાંધીજીએ રાત્રિ રોકાણ કર્યુ હતું તે જગ્યાઓએ રોકાણ કરે છે. સંઘર્ષ અને અનુભવોને સમજવા માંગે છે. આ પદયાત્રા 17મીએ દાંડી બીચ પહોંચીને પૂર્ણ થશે. નિવૃત જવાનો દ્વારા કરાયેલ આ પ્રયાસ નવી માર્ગ પેઢીને ગાંધીજીના વિચારો, દેશન સ્થળોની સ્વાતંત્ર્ય સંગ્રામના મૂલ્યો સાથે સ્થાનિક જોડવાની કડી બનશે.




ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપનાઃ૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ<br>કિશોર પ્લાઝા,<br>આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી<br>સાગર ભુવન, ડભાણ<br>ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**

**મો. 99250 30225, મો. 99255 50225**